

ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ દ્વારા તાજેતરમાં પ્રિન્સિપાલ પાર એક્સેલન્સ અને ટીચર્ચ પાર એક્સેલન્સ અંતર્ગત વિવિધ સ્કૂલ્સના આચાર્ય-શિક્ષકોને સન્માનવામાં આવ્યા હતા. આ ઉપક્રમ અંતર્ગત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન અને શિક્ષક શિલ્પા ઠક્કરને પણ ઍક્સલન્સ ઍવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

# બીબીએના વિદ્યાર્થીઓ જીસીસીઆઈની મુલાકાતે



કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન(બીબીએ) દ્વારા વિદ્યાર્થીઓને ઔધોગીક મુલાકાત માટે ગુજરાતની પ્રતિષ્ઠિત GCCIની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. ૫૯ જેટલા વિદ્યાર્થીઓએ આ મુલાકાતમાં ભાગ લીધો હતો.

## જન્મદિને વધામણી



**આશાબેન સરવૈયા**
કાર્યક્રમ સંયોજક
કલરવ, કલા ગુર્જરી, શિવરંજની
સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૩ ૩૩૬૭૫



**ભરતભાઈ દવે**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૨ ૫૨૫૬૫



**ભરતભાઈ દવે**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૨ ૫૨૫૬૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારમાં વાલી સંમેલન યોજવામાં આવ્યું



સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર-૧૨ ખાતે વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય ભાવેશકુમાર જાનીએ વિદ્યાર્થીઓને જીવનના ચાર અગત્યના 'ઍસ' એટલે કે શિક્ષણ, શિસ્ત, સમયપાલન અને સફળતાના મહત્વ વિશે સમજ આપી હતી. શાળામાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવતા પ્રયાસો વિશે વાલીઓને વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આશરે ૧૫૦ જેટલા વાલીમિત્રો હાજર રહ્યા હતા. બાળકોનાં ભવિષ્યને ઉજ્જવળ બનાવવા સહિયારો પ્રયાસ કરવાની સૌએ ખાતરી આપી હતી.

# જિલ્લા ખેલ મહાકુંભની કબડ્ડી સ્પર્ધામાં ચૌધરી કન્યા વિદ્યાલયની ટીમ ઝળહળી



ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લાકક્ષાની કબડ્ડી સ્પર્ધા તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં ભાગ લઈને જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલયની ટીમે અન્ડર-૧૭ વિભાગમાં દ્વિતીય અને અન્ડર-૧૪ વિભાગમાં તૃતિય ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું.







ગાંધીનગર-માણસા હાઈવે પર સ્થિત બાપુ ગુજરાત નૉલેજ વિલેજ સંલગ્ન સંસ્થા - શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, ફાર્મસી, સાયન્સ, કૉમર્સ અને નર્સિંગના પ્રથમ વર્ષમાં પ્રવેશેલા વિદ્યાર્થીઓ માટે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે નવસંસ્કરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમ અંતર્ગત નર્સિંગ કૉલેજના એઍનઍમ કોર્સની પ્રથમ બૅચના વિદ્યાર્થીઓને વિદાય પણ આપવામાં આવી હતી. ઉપરાંત, કૅમ્પસની દરેક કૉલેજના યુનિવર્સિટી ટૉપ ટૅનમાં સામેલ વિદ્યાર્થીઓ, યુથ ફૅસ્ટીવલના વિજેતા વિદ્યાર્થીઓ તથા સ્ટેટ અને નૅશનલ લેવલે સ્પોર્ટ્સમાં વિજેતા થનારા વિદ્યાર્થીઓને શંકરસિંહ વાઘેલાના હસ્તે ઈનામો આપી નવાજવમાં આવ્યા હતા.

કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી અને મોટીવેશનલ સ્પીકર પ્રેયસ સંતોકી ઉપસ્થિત રહ્યા હતા. કૅમ્પસ ડિરેક્ટર પ્રૉ. રવિકુમાર, ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, નીલરાજસિંહ વાઘેલા તથા કૉલેજ પરિવારો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી સ્વામિનારાયણ શાળાના સુવર્ણ જયંતી મહોત્સવની ભવ્ય ઉજવણી





શ્રી સ્વામિનારાયણ શાળાના સુવર્ણ જયંતી મહોત્સવની શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના પાવન સાનિધ્યમાં ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. કેળવણી શિક્ષણ સદ્વિદ્યાના હિમાયતી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આદેશ આપ્યો છે. શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ ઈ.સ. ૧૯૬૯ માં પ્રાથમિક, માધ્યમિક શાળાનો મંગલારંભ કર્યો. તેમાં ઉચ્ચતર માધ્યમિક શાળા પણ ઉમેરાઈ. આ શિક્ષણ સંકુલને ૫૦ વર્ષ પૂર્ણ થતાં તેની સુવર્ણ જયંતી મહોત્સવ પરમ ઉલ્લાસભેર ઉજવવામાં આવ્યો હતો. શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણથી શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ ઓડિટોરિયમમાં વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય સ્વામીજી મહારાજનો વિદ્યાર્થીઓએ પુષ્પ પાંખડીઓ ચરણોમાં અર્પણ કરીને, સૂત્રોચાર પોકારીને સ્વાગત કર્યું હતું. સ્વામિનારાયણ શાળાના વિદ્યાર્થીઓએ અનેકવિધ પ્રદર્શન પ્રતિકૃતિઓ સજાવટ કરીને પ્રદર્શન બનાવ્યું હતું ત્યાં પરમ પૂજ્ય સ્વામીજી મહારાજ પધારીને નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ ઓડિટોરિયમમાં સંતો-ભક્તો સહ વ્યાસાસને વિરાજમાન થયા હતા. દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સ્વર્ણિમ યાત્રા સ્મરણિકા ૧૯૬૯થી ૨૦૧૯ નું વિમોચન પરમ પૂજ્ય સ્વામીજી મહારાજના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્વામીજી મહારાજે આશીર્વાદનું રસપાન કરાવ્યું હતું.



તાપી જિલ્લાની સોનગઢ કૉલેજમાં ઑફિસ આસીસ્ટન્ટની પરીક્ષા માટે છ દિવસનો નિશુલ્ક કોર્સ ગાંધીનગરની સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ચલાવવામાં આવ્યો હતો. ૨૦થી વધુ ગામોનાં ૫૫ બહેનો અને ૩૨ ભાઈઓએ આ ઉપયોગી કોર્સનો લાભ લીધો હતો. સવારે ૮.૪૫થી સાંજે ૫.૧૫ સુધી કાર્યરત આ જ્ઞાનયજ્ઞ દરમિયાન બપોરના ભોજનની વ્યવસ્થા પણ સંસ્થા દ્વારા કરવામાં આવી હતી. કૉલેજના આચાર્ય, સ્ટાફમિત્રો ઉપરાંત સમિતિ તરફથી સંદિપસિંહ, ઊર્મિલાબેન, અરવિંદસિંહ, મિલિન્દભાઈ અને શ્રુતિબેન દ્વારા આ ઉપક્રમની સફળતા માટે સક્રિય સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.

# અક્ષરકેળવણી

અક્ષરજ્ઞાન આપવું કઠિન લાગ્યું. મારી પાસે તેને પહોંચી વળવાની સામગ્રી નહોતી. મને પોતાને હું ઈચ્છું તેટલો વખત નહોતો, તેટલી આવડત નહોતી. આખા દહાડાના શારીરિક કામ કરતાં હું થાકી જતો, ને જે વખતે જરા આરામ લેવાની ઈચ્છા થાય તે જ વખતે વર્ગ લેવાનો રહેતો. તેથી હું તાજો હોવાને બદલે બળાત્કારે જાગ્રત રહી શકતો હતો. સવારનો વખત ખેતી અને ઘરકામમાં જતો, એટલે બપોરના જમ્યા પછી તુરત નિશાળ ચાલતી. આ સિવાય બીજો કોઈ પણ વખત અનુકૂળ નહોતો.





અક્ષરજ્ઞાનને સારુ વધારેમાં વધારે ત્રણ કલાક રાખ્યા હતા. વળી વર્ગમાં હિંદી, તામિલ, ગુજરાતી અને ઉર્દૂ શીખવવાનાં રહેતાં. શિક્ષન પ્રત્યેક બાલકને તેની માતૃભાષા મારફતે જ આપવાનો આગ્રહ હતો. અંગ્રેજી પણ બધાને શીખવવામાં આવતું જ. ઉપરાંત ગુજરાતી, હિંદુ બાળકોને કંઈક સંસ્કૃતનો અને સૌને કંઈક હિંદીનો પરિચય કરાવવો, ઈતિહાસ, ભૂગોળ અને અંકગણિત બધાંને શીખવવું, આટલો ક્રમ હતો. તામિલ અને ઉર્દૂ શિક્ષણ આપવાનું મારી પાસે હતું.

મારું તામિલ જ્ઞાન તે સ્ટીમરોમાં ને જેલમાં મેળવેલું. તેમાં પણ પોપકૃત ઉત્તમ 'તામિલ-સ્વયંશિક્ષક'થી આગળ હું વધી શક્યો નહોતો. ઉર્દૂ લિપિનું જ્ઞાન સ્ટીમરોમાં મેળવેલું તે જ; ને ખાસ ફારસી અરબી શબ્દોનું જ્ઞાન જેટલું મુસલમાન મિત્રોના પરિચયથી મેળવી શકેલો તેટલું! સંસ્કૃત જે હાઈસ્કૂલમાં શીખેલો તે જ. ગુજરાતી પણ નિશાળિયું જ.

આટલી પૂંજીથી મારે કામ લેવાનું હતું. ને તેમાં મદદગાર તે મારા કરતાંયે ઓછું જાણનારાં. પણ દેશની ભાષાઓનો મારો પ્રેમ, મારી શિક્ષણશક્તિ ઉપરની મારી શ્રદ્ધા, વિદ્યાર્થીઓનું અજ્ઞાન અને તેથી પણ વધી જતી તેમની ઉદારતા મને મારા કામમાં મદદગાર નીવડ્યાં.

તામિલ વિદ્યાર્થીઓ દક્ષિણ આફ્રિકામાં જ જન્મેલા, તેથી તામિલ બહુ ઓછું જાણતા. તેમને લિપિ તો મુદલ ન આવડે. એટલે મારે તેમને લિપિ શીખવવાનું ને વ્યાકરણનાં મૂળતત્ત્વો શીખવવાનું હતું. તે સહેલું હતું. વિદ્યાર્થીઓ જાણતા કે તામિલ વાતચીતમાં તો તેઓ મને સહેજે હરાવે, અને તામિલ જાણનારા જ મને મળવા આવે ત્યારે તેઓ મારા દુભાષિયા થાય. મારું ગાડું ચાલ્યું, કેમ કે વિદ્યાર્થીઓ પાસે અજ્ઞાન ઢાંકવાનો મેં કદી પ્રયત્ન જ ન કર્યો. બધી બાબતોમાં જેવો હું હતો તેવો જ તેઓ મને જાણતા થયા હતા. આથી અક્ષરજ્ઞાનની ગાઢ ન્યૂનતા છતાં મેં તેમના પ્રેમ ને આદર કદી ન ગુમાવ્યા.

મુસલમાન બાળકોને ઉર્દૂ શીખવવાનું પ્રમાણમાં વધારે સહેલું હતું. તેઓ લિપિ જાણતા. તેમનામાં વાચનનો શોખ વધારવાનું ને તેમના અક્ષર સુધારવાનું જ મારું કામ હતું.

મુખ્યપણે આ બાળકો બધા નિરક્ષર અને નિશાળમાં ન ભણેલા હતા. શીખવતાં શીખવતાં મેં જોયું કે મારે તેમને શીખવવાનું ઓછું જ હતું. તેમનું આળસ મુકાવવાનું, તેમને પોતાની મેળે વાંચતા કરવાનું, તેમના અભ્યાસની ચોકી રાખવાનું જ વધારે હતું. આટલેથી સંતોષ પામતો તેથી જ જુદી જુદી ઉંમરના જુદા જુદા વિષયોવાળા વિદ્યાર્થીઓને એક જ કોટડીમાં બેસાડી કામ લઈ શકતો હતો.

પાઠ્યપુસ્તકોની જે બૂમ વખતોવખત સાંભળવામાં આવે છે તેની મને કદી ગરજ લાગી નહોતી. જે પુસ્તકો હતાં તેમનો પણ બહુ ઉપયોગ કર્યાનું મને યાદ નથી. દરેક બાળકને ઘણાં પુસ્તકો અપાવવાની મેં જરૂર નહોતી જોઈ. વિદ્યાર્થીનું પાઠ્યપુસ્તક શિક્ષક જ હોય એમ મને લાગ્યું છે. શિક્ષકોએ પુસ્તકોમાંથી શીખવેલું એવું થોડું જ મને યાદ છે. જેઓએ પોતાને મુખેથી શીખવેલું તેનું સ્મરણ આજે પણ રહી ગયું છે. બાળકો આંખેથી ગ્રહણ કરી શકે છે. બાળકોની પાસે હું એક પણ પુસ્તક પૂરું વંચાવી ગયો હોઉં એવું મને યાદ નથી.

પણ ઘણાં પુસ્તકોમાંનું મેં જે પચાવ્યું હતું તે તેમને મારી ભાષામાં કહી ગયો, તે તેમને આજે પણ યાદ હશે એમ હું માનું છું. વંચાવેલું યાદ રાખવામાં તેમને કલેશ થતો, મેં સંભળાવેલું તેઓ તે જ ક્ષણે મને ફરી સંભળાવી જતા. વાંચવામાં તેમને કંટાળો આવતો. સાંભળવામાં, જ્યારે હું પોતે થાકને લીધે કે બીજા કારણસર મંદ અને નીરસ ન હોઉં ત્યારે, તેઓ રસ લેતા ને સાંભળતા. તેમને પ્રશ્નો ઊઠતા તેનો ઉકેલ કરવામાં મને તેમની ગ્રહણશક્તિનું માપ આવી જતું.

**સૌજન્ય : સત્યના પ્રયોગો**